# ઇતિહાસ જાણવા માટેના પુરાતત્વીય અવશેષિય સાધનો.

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણના મુદ્દાઓ

- પ્રસ્તાવના
- પુરાતત્વીય (અવશેષિય) સાધનો
- ખોદકામ દ્વારા પ્રાપ્ત થયેલા અવશેષો
- અભિલેખો (ઉત્કીર્ણ લેખો)
- સિક્કાઓ
- સ્મારકો અને કૃત્તિઓ

# પ્રસ્તાવના

- પુરાતત્વ શાસ્ત્રની મદદ થી જમીનના પેટાળમાં છુપાયેલી વસ્તુને ખોદકામ દ્વારા બહાર કાઢીને જે તે યુગની ઐતિહાસિકતા તપાસવામા આવે છે.
- ભારતમાં 19મી અને 20 મી સદી દરમ્યાન જે ખોદકામની પ્રવૃત્તિઓ ચાલી તેનાથી ભારતના પ્રાગૈતિહાસિક તથા ઐતિહાસિક યુગની જાણકારી પ્રકાશમાં આવી.
- હરપ્પીયન સંસ્કૃતિ તેમજ ભારતમાં આવેલ વૈશાલી, પાટલિપુત્ર, નાલંદા, કૌશાંબી, દ્વારકા, હસ્તિનાપુર, વિક્રમશીલા, વગેરે સ્થળોએ ખોદકામ કરતાં માટીના વાસણો, ધાતુ તથા પથ્થરો, ઈંટો, કોઠીઓ, હથિયારો, જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પરથી ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થાય છે.

## પ્રાચીન ભારતનો ઇતિહાસ - લેખનનાં સાધનો

### ભૌતિક સાધનો

| વસ્તુ | વાસ્તુ |
|---|---|
| ગુફાચિત્રો | ગુફા |
| માટીનાં વાસણ | ઘરો |
| માટીનાં શિલ્પો | સ્તૂપ |
| મોતી | ગુફા |
| રત્નો, | મંદિરો |
| દરદાગીના | ચર્ચ |
| પથ્થરનાં શિલ્પો | મસ્જિદ |
| ધાતુની વસ્તુ | સ્તંભ |
| સિક્કા | |
| શસ્ત્રો | |

### લેખિત સાધનો

- હડપ્પા લિપિના લેખ
- વૈદિક સાહિત્ય
- મેસોપોટેમિયાના ઇષ્ટિકાલેખો
- મહાભારત, રામાયણની હસ્તલિખિત પોથીઓ
- જૈન, બૌદ્ધ સાહિત્ય
- ગ્રીક ઇતિહાસકાર અને પ્રવાસીઓનાં લેખન
- ચીની પ્રવાસીઓનાં પ્રવાસવર્ણન
- વ્યાકરણગ્રંથ, પુરાણગ્રંથ, કોતરેલા લેખો

### મૌખિક સાધનો

પ્રાચીન ભારતના મૌખિક પરંપરાથી સચવાયેલા વૈદિક, બૌદ્ધ અને જૈન સાહિત્ય હવે લેખિત સ્વરૂપમાં ઉપલબ્ધ છે. તેનું રૂપાંતર હવે લેખિત સ્વરૂપમાં થયું હોવા છતાં તેના પઠનની (વાંચનની) પરંપરા આજે પણ ચાલુ છે. મૌખિક સ્વરૂપના તે સાહિત્યનો ઉપયોગ જ્યારે ઇતિહાસના લેખન માટે કરવામાં આવે, ત્યારે તેનો સમાવેશ મૌખિક સાધનોમાં થાય છે.

http://cart.ebalbharati.in/BalBooks/pdfs/605000584.pdf

# પુરાવસ્તુકીય (અવશેષિય)સાધનો

પુરાવસ્તુકીય (અવશેષિય)સાધનોને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

- **ખોદકામ દ્વારા પ્રાપ્ત થયેલા અવશેષો**
- **અભિલેખો**
- **સિક્કાઓ**
- **સ્મારકો અને કૃત્તિઓ**

# ખોદકામ દ્વારા પ્રાપ્ત થયેલી અવશેષો


- પાષાણયુગના અસંખ્ય હથિયારો, વાસણો, વગેરે ખોદકામ દ્વારા પ્રાપ્ત થયા છે.
- સિંધુ સંસ્કૃતિના જુદાજુદા અવશેષો મળી આવ્યા છે. તેમાં માપપટ્ટી, દશાંશ પદ્ધતિના આંકા ધરાવે છે.
- લોથલ (ગુજરાત) માંથી મળેલ તકતી, સુતરાઉ વણાટની પ્રાચીનતા સાબિત કરે છે.
- ખોદકામ દરમ્યાન મળેલા હાડપિંજર દ્વારા તે યુગના માનવીની જાતિ નક્કી કરવામાં આવી હતી.
- હસ્તિનાપુર, અહિચ્છત્ર, કૌસામ્બી, પાટલિપુત્ર, તક્ષશિલા, વગેરેના અવશેષો થી તે રાજવીઓના સામાજિક જીવનની માહિતી મળે છે.



હડપ્પા સંસ્કૃતિના કૂવા



મોંહે-જો-દડોમાંનું મહાસ્નાનગૃહ



લોથલની ગોદી (અવશેષોના આધારે પુનર્રચના)

# અભિલેખો

- **પ્રાચીન ભારતના મોટાભાગના લેખો ગુફાઓ માંથી મળ્યા છે. તેમાં રાજાઓનો શાસન વ્યવસ્થા, પ્રશસ્તિ, દાનપત્રો, સમર્પણપત્રો અને સ્મારકોની માહિતી સાંપડે છે.**
- અભિલેખોનાં અનેક પ્રકાર છે. જે સ્થળેથી પ્રાપ્ત થયા છે તેને ધ્યાનમાં રાખીને તેને ચાર ભાગમાં વહેંચવામાં આવ્યા છે.

1. **ગુફા લેખ; ખારવેલની હાથીગુફા, મિલિંદનો રેહ,**
2. **શિલાલેખ; જૂનાગઢમાં રુદ્રદામનનો અભિલેખ, કનિષ્ક તથા કુશાણના અભિલેખ**
3. **સ્તંભલેખ; સમુદ્રગુપ્તનો અલ્હાબાદનો સ્તંભલેખ, સ્કંદ ગુપ્તનો ભીત્તારી અભિલેખ, હર્ષવર્ધનનો મધુવન અને બાંસખેડાના અભિલેખો,**
4. **તામ્રપત્ર;**

- તેના અધ્યન ને પુરાલેખાશસ્ત્ર (એપિગ્રાફી) કહેવાય છે. ઉપરાંત તેના પ્રાચીન દસ્તાવેજોના તિથિ અધ્યન ને પુરાણ શાસ્ત્ર (પેલિયોગ્રફી) કહેવાય છે.
- હાથી ગુફા અભિલેખ માં ' ભારતવર્ષ ' નો ઉલ્લેખ કરેલો છે. એરણ ના અભીલેખ માં સતીપ્રથા નો પહેલો લેખીત પુરાવો મળે છે.
- મહત્વ ના અભીલેખો
  1. હાથી ગુફા અભિલેખ. (કલીંગ રાજા ખારવેલ)
  2. ભીતરી અભૂલેખ.(સ્કંદ ગુપ્ત)
  3. પ્રયાગ સ્તંભલેખ.(યશોધર્મ)
  4. નાસિક આભિલેખ.(ગોતમી બલશ્રી)
  5. એહોલ આભિલેખ.(પુલકશી)



સાંચીનો સ્તૂપ



મેહરૌલીનો લોહસ્તંભ



અફઘાનિસ્તાનના હડ્ડામાં આવેલા સ્તૂપ ઉપરનું
ગાંધાર શૈલીનું શિલ્પ. ગ્રીક લોકોના પોશાક,
ઍમ્ફોરા (એક પ્રકારનો કુંભ) અને વાદ્યો.



નાલંદા વિદ્યાપીઠ



શિલાલેખ




તામ્રપટ

ભોજપત્રો ભોજ વૃક્ષની છાલમાંથી બનાવવામાં આવે છે. ભોજ વૃક્ષ કાશ્મીરમાં જોવા મળે છે.



ભોજ વૃક્ષ



ભોજ પત્ર



સ્તંભશીર્ષ

# સિક્કાઓ

- ભારતના સૌથી પ્રાચીન સિક્કાઓ પંચમાર્ક સિક્કાઓ તરીકે પ્રખ્યાત છે. આવા સિક્કાઓનો ઉપયોગ ઇ.સ. પૂર્વે 6ટ્ઠી સદીથી શરૂ થયું હોવાનું મનાય છે.
- ભારતમાં ઇન્ડો-ગ્રીક શાસકોના આગમનની સાથેજ સિક્કાઓના સ્વરૂપમાં ફેરફાર થયો છે. તે સમયે સોના અને ચાંદીના સિક્કાઓ અસ્તિત્વમાં આવવા લાગ્યા.
- ભારતમાં ભારતીય-ગ્રીકો, શકો, કુષાણો, પાર્થિયનો, ગુપ્ત શાસકોના સિક્કાઓ મોટી સંખ્યામાં પ્રાપ્ત થયા છે. અનેક રોમન સિક્કાઓ પણ ભારત માંથી મળી આવ્યા છે.




કનિષ્કના સોનાના સિક્કા - બંને બાજુ




મિનૅંડરના ચાંદીના સિક્કા - બંને બાજુ



જહાજની પ્રતિમાવાળા સાતવાહન સિક્કા



નાલંદા મહાવિહારની મુદ્રા



સિક્કા



સમુદ્રગુપ્તના સોનાના સિક્કા - બંને બાજુ





મહોર

# સ્મારકો અને કૃત્તિઓ

- પ્રાચીન ઇમારતો, મકાનો, મંદિરો, મૂર્તિઓ, પ્રાચીન માટીના વાસણો, શિલ્પો, રમકડાઓ, કલાત્મક નમુનાઓ, ઘરવખરીના સાધનો, હથિયારો, ઓજારો, આવી તમામ વસ્તુઓ જે તે સમય કે કાળની સામાજિક, ધાર્મિક તથા આર્થિક પ્રવૃત્તિઓ વિશેની માહિતી આપે છે.
- સાંચીનો સ્તૂપ, અજંતા અને ઇલોરાની ગુફાઓ, બાઘની ગુફાઓ, દક્ષિણ ભારતના પ્રાચીન મંદિરો, પ્રાચીન મૂર્તિઓ, શિલ્પો, ચિત્રો વગેરે તે સમયના સાંસ્કૃતિક અને કલાના વિકાસની જાણકારી આપે છે.

* * *







હડપ્પાકાલીન રમકડાં



હડપ્પા સંસ્કૃતિના દાગીના







વાસણો



નટરાજની કાંસ્યમૂર્તિ



હડપ્પાકાલીન કલાનો નમૂનો



વેરુળની કૈલાસ ગુફાઓ



બારાબારમાંની ગુફાઓ



નાશિકની ગુફા



સિગિરિયા ગુફામાંનું ભીંતચિત્ર



અજંટાના બોધિસત્ત્વ પદ્મપાણિ



મહાબલિપુરમનાં રથમંદિરો



પટ્ટદકલનું મંદિર